RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૮ | સોમવાર, તા.૨૬-૦૧-૨૦૨૬ | અંક : ૨૩ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

ભારતભરમાં ગણતંત્ર દિવસની આન, બાન અને શાનથી ઉજવણી

નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને અને યુરોપિયન પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી

નવી દિલ્હી

ભારતમાં પ્રજાસત્તાક પર્વની આન,બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી.રાજધાની નવી દિલ્હી સહિત દેશભરમાં ધ્વજવંદન,પરેડ તેમજ સાંસ્કૃતિક સહિતના કાર્યક્રમો સાથે પર્વની ઉજવણી કરવામાં આવી હતી.નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષ સ્થાને ગણતંત્ર દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.આજની ઉજવણીના કાર્યક્રમમાં યુએસ પ્રતિનિધિમંડળ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યું હતું અને ધ્વજ વંદન બાદ યોજાતી પરેડમાં ભારતની ઉભરતી શક્તિને નિહાળી હતી.

ભારતમાં આજે ૭૭માં પ્રજાસત્તાક દિવસ અત્યંત ઉત્સાહ અને દેશભક્તિ સાથે ઉજવી રહ્યો છે. કર્તવ્ય પથ પર યોજાનારી ભવ્ય પરેડમાં ભારત પોતાની વિકાસ યાત્રા, સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને વધતી જતી સૈન્ય શક્તિનું પ્રદર્શન કર્યું હતું. આ વર્ષનો સમારોહ 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષની થીમ પર આધારિત હતો, જેની આગેવાની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ કરી હતી.

આજની પરેડમાં રિપબ્લિક ડેની પરેડમાં ધનુષ ગન સિસ્ટમ અને અમોગ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ સામેલ કરવામાં આવશે. બંને સિસ્ટમો આત્મનિર્ભર ભારતની ભાવના અને સંરક્ષણ ઉત્પાદનમાં ટેકનોલોજીકલ સ્વનિર્ભરતા દર્શાવે છે. સુપરસોનિક બ્રહ્મોસ હથિયાર સિસ્ટમ અને સ્વદેશી સૂર્યાસ્ત્રા યુનિવર્સલ રોકેટ લોન્ચર સિસ્ટમ દ્વારા લાંબા અંતરની ચોકસાઇ અને જબરદસ્ત ફાયરપાવર દર્શાવવામાં આવશે. સાથે મળીને, આ ઊંડા પ્રહાર ક્ષમતા, દુશ્મનના પ્રદેશમાં ઊંડે સુધી પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવી હતી.

પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોએ "ઓપરેશન સિંદૂર: સંયુક્તતા દ્વારા વિજય" શીર્ષકવાળી એક શક્તિશાળી ત્રિ-સેવાઓની ટેબ્લો રજૂ કરી, જે પરિવર્તિત સંરક્ષણ ક્ષમતાઓ દ્વારા શક્તિ, એકતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વના રક્ષણનું પ્રતીક છે.

૧૮ દિવસની અંતરિક્ષ યાત્રા કરીને ઈતિહાસ રચનારા શુભાંશુ શુક્લાને અશોક ચક્રથી રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરાયા.આ વર્ષે પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય રંગ ઉમેરતા યુરોપિયન યુનિયનનું એક દસ્તો પણ ચાર ઝંડાઓ સાથે પરેડમાં ભાગ લેશે. વિશેષ અતિથિ તરીકે ૪૦ દેશોના બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ પણ હાજર રહેશે, જે વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશ આપશે.

'ઓપરેશન સિંદૂર' પરેડમાં ભારતની સૈન્ય તાકાતનું ભવ્ય પ્રદર્શન કરવામાં આવશે. આ વખતે 'ઓપરેશન સિંદૂર' માં વપરાયેલા પ્રમુખ હથિયારો અને નવી રચાયેલી સૈન્ય ટુકડીઓના મોડેલ રજૂ કરવામાં આવશે. સૌથી ખાસ આકર્ષણ ભારતીય સેનાનું 'ફેઝ્ડ બેટલ એરે' પ્રદર્શન જેમાં ડ્રોન, ટેન્ક અને તોપખાના દ્વારા અસલી યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું.ઉજવણીની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પીને કરવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિ અને મુખ્ય અતિથિઓ પરંપરાગત બગીમાં સવાર થઈ કર્તવ્ય પથ પહોંચ્યા હતા.જેમાં ૨૧ તોપોની સલામી, વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને રૈ-૧૭ હેલિકોપ્ટરો દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, "ભારતની આન-બાન અને શાનનું પ્રતીક એવો આ રાષ્ટ્રીય પર્વ સૌના જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરે અને વિકસિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવે".

ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ રાજસ્થાનમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો ઝડપાતા ખળભળાટ

પોલીસે નાગૌર જિલ્લાના એક ગામમાં આવેલ ફાર્મહાઉસમાં દરોડો પાડી ગેરકાયદે એમોનિયમ નાઈટ્રેટના ૧૮૭ કટ્ટા કબજે કર્યા : વિસ્ફોટ કરવા માટેના અન્ય સાધનો પણ મળી આવ્યા

નાગૌર

રાજસ્થાનમાં ગણતંત્ર દિવસ પૂર્વે સુરક્ષા એજન્સીઓએ નાગૌર જિલ્લામાં દરોડો પાડીને મોટો ગેરકાયદે વિસ્ફોટક જથ્થો ઝડપી પાડ્યો છે.

ગણતંત્ર દિવસની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજસ્થાન પોલીસ હાઈ એલર્ટ પર છે. આ દરમિયાન નાગૌર જિલ્લાના થાવલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસની ડિસ્ટ્રિક્ટ સ્પેશિયલ ટીમ અને સ્થાનિક પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. હરસૌર ગામમાં એક ફાર્મ હાઉસ પર દરોડો પાડીને પોલીસે આશરે ૯૫૫૦ કિગ્રા ગેરકાયદે એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું છે. રાજ્યમાં વિસ્ફોટકોની આ અત્યાર સુધીની સૌથી મોટી રિકવરી માનવામાં આવે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી સુલેમાન ખાને તેના ફાર્મ હાઉસમાં બનેલા એક મકાનમાં આ વિસ્ફોટક જથ્થો અત્યંત ગુપ્ત રીતે છુપાવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસને ૧૮૭ કટ્ટામાં ભરેલું એમોનિયમ નાઈટ્રેટ મળી આવ્યું હતું. આ ઉપરાંત, વિસ્ફોટ કરવા માટે વપરાતા અન્ય સાધનો પણ જપ્ત કરાયા છે, જેમાં: ૯ કાર્ટન ડેટોનેટર, ૧૨ કાર્ટન અને ૧૫ બંડલ વાદળી ફ્યુઝ વાયર, ૧૨ કાર્ટન અને ૫ બંડલ લાલ ફ્યુઝ વાયર મળી આવ્યા છે.

ધરપકડ કરાયેલ આરોપી સુલેમાન ખાન હરસૌર ગામનો જ રહેવાસી છે. નાગૌર એસપી મૃદુલ કચ્છવાએ જણાવ્યું કે સુલેમાન સામે અગાઉ પણ ગેરકાયદે વિસ્ફોટકો રાખવાના ૩ ગુના નોંધાયેલા છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે જણાવ્યું કે તે ખાણકામ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોને આ વિસ્ફોટકો સપ્લાય કરતો હતો. જોકે, પ્રજાસત્તાક દિવસ પૂર્વે આટલો મોટો જથ્થો મળવો એ ગંભીર બાબત છે.

એમોનિયમ નાઈટ્રેટ એ અત્યંત ઘાતક વિસ્ફોટક છે.

ભારત અને અમેરિકા વચ્ચે તણાવ ઘટાડવા યુએસ પ્રતિનિધિઓ ભારતની મુલાકાતે

અમેરિકન પ્રતિનિધિ મંડળ અને ભારતના વિદેશમંત્રી વચ્ચે વેપાર સહિતના મુદ્દાઓ પર થઈ ચર્ચા

નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી ટેરિફ વોરના લીધે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. જયારે થોડા સમયથી અમેરિકા ફરી એક વાર ભારત સાથે સબંધોને સામાન્ય કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જેના ભાગરૂપે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક પ્રતિનિધિમંડળ ભારત મોકલ્યું છે. આ પ્રતિનિધિમંડળે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી. આ બેઠકનો હેતુ ભારત-અમેરિકા સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરીને સંબંધોને મજબૂત બનાવવાનો હતો.

ભારત-અમેરિકાની બેઠકમાં વેપાર અને સુરક્ષા સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ બેઠક બંને દેશો વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે થઈ છે. આ બેઠકમાં હાજર રહેલા યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે તેને સફળ ગણાવી હતી. આ ચર્ચામાં સુરક્ષા, વેપાર અને મહત્વપૂર્ણ ટેકનોલોજીના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત બનાવવા પર હતું. યુએસ કોંગ્રેસના પ્રતિનિધિમંડળમાં જીમી પેટ્રોનિસ, માઇક રોજર્સ અને એડમ સ્મિથનો સમાવેશ થાય છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે બંને પક્ષો ટ્રેડ ડીલ માટે વાટાઘાટો આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.આ બેઠક અંગે વિદેશ મંત્રી એસ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ બેઠકને ફળદાયી ગણાવી હતી. જેમાં લખ્યું હતું કે, "ભારત-અમેરિકા સંબંધો, ભારત-પ્રશાંત અને યુક્રેન સંઘર્ષના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસ સાથે જોડાણ હંમેશા અમારા સંબંધોનો મહત્વપૂર્ણ ભાગ રહ્યું છે." જેની બાદ યુએસ એમ્બેસેડર ગોરે પણ તેમને ટેગ કરીને પોસ્ટ કરી અને લખ્યું કે. અમે યુએસ-ભારત ભાગીદારીને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી. આમાં મજબૂત સુરક્ષા, વિસ્તૃત વેપાર અને મહત્વપૂર્ણ તકનીકો પર સહયોગનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય પ્રોડક્ટ પર ૫૦ ટકા સુધીના ભારે ટેરિફ ઝીંક્યા બાદ ભારત-અમેરિકાના સંબંધોમાં ભારે તણાવ ઉભો થયો હતો.